# સુરેન્દ્રનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.,

સુરસાગર ડેરી, વઢવાણ

"ઠાકરધણી સુરસાગર ભવન", ૨૪૯, ફેઈજ-૨, આંબાવાડી, જી.આઈ.ડી.સી., વઢવાણ-૩૬૩૦૩૫

એસએસડી/એસએનઆર/એએચ/૨૦૨૬/ ૯૫૦ — તા: ૧૭.૦૬.૨૦૨૬

## :: પરિપત્ર ::

## વિષય : સામુહિક કૃમિ નિવારણ અભિયાન બાબત

આથી સંઘ સંયોજિત તમામ દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને જણાવવાનું, કે, ઓછા ખર્ચે વધુ દૂધ ઉત્પાદન મેળવવા તથા પશુઓની તંદુરુસ્તી જાળવવાના હેતુથી સંઘ દ્વારા વિવિધ યોજનાઓ અમલમાં મુકવામાં આવે છે. જે અંતર્ગત દર વર્ષે "સામુહિક કૃમિ નિવારણ અભિયાન" પણ નિયમિત ઉજવવામાં આવે છે. આપણે સૌ જાણીએ છીએ કે પશુઓમાં કૃમિને લીધે તંદુરુસ્તી, પાચન શક્તિ તથા રોગ પ્રતિકારક ક્ષમતા ઉપર અસર થાય છે, જેથી પુખ્ત ઉમરના પશુઓમાં દૂધ ઉત્પાદન ઘટે છે તેમજ ગાભણ થવામાં તકલીફ રહે છે. જયારે નાના બચ્ચાઓમાં વિકાસ રૂંધાય છે. કૃમિની બીમારીનો વ્યાપ ચોમાસાના ભેજવાળા વાતાવરણમાં વધારે જોવા મળતો હોવાથી જો વર્ષમાં બે વાર એટલે કે ચોમાસા પહેલા અને ચોમાસા પછી કૃમિની દવા આપવામાં આવે તો ખુબજ સારો ફાયદો જોવા મળે છે. જેને અનુલક્ષીને સંઘ દ્વારા તા: ૨૩.૦૬.૨૦૨૬ થી ૦૪.૦૭.૨૦૨૬ સુધી "સામુહિક કૃમિ નિવારણ અભિયાન" યોજવાનું આયોજન કરેલ છે, જે અંતર્ગત સંઘ સંયોજિત જિલ્લાની દરેક દૂધ સહકારી મંડળી સુધી કૃમિનાશક દવા પહોચતી કરવામાં આવશે.

**પશુપાલકોના આર્થિક હિતને ધ્યાને લઇ દૂધ સંઘ દ્વારા કૃમિનાશક દવાની કીમતમાં ૧૦૦ ટકા સહાય આપવાનું નક્કી કરેલ છે. દૂધ મંડળીએ જરૂરિયાત પ્રમાણે કૃમિનાશક દવા, મેળવી દૂધ ઉત્પાદક/પશુપાલકોને વિના મુલ્યે વિતરણ કરવાનું રહશે.**

પશુઓ માટે કૃમિનાશક દવાની જરૂરિયાત અને પ્રમાણ

| ક્રમ | પશુની ઉમર | દવાની જરૂરિયાત | પ્રમાણ અને બે ડોઝ વચ્ચેનો સમય ગાળો |
|---|---|---|---|
| ૨ | ૧ થી ૬ માસ | ૧.૫ ગ્રામની ગોળીનો ત્રીજો ભાગ | દર મહિને ત્રીજો ભાગ |
| 3 | ૬ માસથી ૧ વર્ષ | ૧.૫ ગ્રામ × ૧ ગોળી | અડધી આજ અડધી કાલ, વર્ષમાં બે વાર |
| ૪ | ૧ વર્ષથી મોટા | ૧.૫ ગ્રામ × ૨ ગોળી | ૧ આજ ૧ કાલ એમ બે દિવસ, વર્ષમાં બે વાર |

સદર પરિપત્ર વ્ય. કમિટીની મીટીંગમાં વંચાણે લઇ સભાસદોને માહિતગાર કરવા નોટીસબોર્ડ પર પ્રસિદ્ધ કરવા વિનંતી છે.

નોંધ: ઉપરોક્ત દવા ગાભણ પશુઓ માટે પણ સંપૂર્ણ સુરક્ષિત છે એટલે તમામ પશુઓને કૃમિનિવારણ અભિયાનમાં આવરી લેવા વિનંતી છે.

મેનેજિંગ ડીરેક્ટર

**નકલ રવાના:**

૧) તમામ દૂધ મંડળીઓ : મંડળીના તમામ પશુપાલક/ગ્રાહકોને અભિયાનમાં આવરી લેવું..

૨) વેટરનરી ઓફિસર અને ફિલ્ડ સુપરવાઈઝર તમામ : દૂધ મંડળીઓ/પશુપાલકોને કૃમિનાશક અભિયાનમાં આવરી લેવું.

૩) કૃત્રિમ બીજદાન કર્મચારી તમામ : દૂધ મંડળીઓ/પશુપાલકોને આ બાબત માહિતગાર કરવા જાણ સારું.

**સવિનય નકલ રવાના:**

ચેરમેન શ્રી/વાઈસ ચેરમેનશ્રી અને બોર્ડ ડીરેક્ટરશ્રીઓ તમામ : જાણ સારૂ.

બીડાણ: કૃમિનાશક દવાના મેળવેલ જથ્થાની પહોચ આપવા માટે લેટર પેડ ઉપર લખવા માટે નમુનો.

Scanned with CamSc

## લેટર પેડ ઉપર લખવા માટે નમુનો

તારીખ:   /   /૨૦૨૬

પ્રતિ શ્રી,
મેનેજિંગ ડીરેક્ટર સાહેબ,
સુરસાગર ડેરી, વઢવાણ

વિષય: કૃમિનાશક દવા/ડોજ મેળવવા બાબત.

સવિનય ઉપરોક્ત વિષયના અનુસંધાને જણાવવાનું કે સામુહિક કૃમિ નિવારણ અભિયાન અંતર્ગત અમારી મંડળીના તમામ પશુઓને આવરી લેવા અમો પ્રયત્નશીલ છીએ.
તો "સામુહિક કૃમિ નિવારણ અભિયાન" માટે, ................. નંગ કૃમિનાશક ગોળી મેળવેલ છે.

| કૃમિનાશક ગોળી | સંખ્યા |
|---|---|
| કૃમિનાશક ગોળી (૧.૫ ગ્રામ) | |

દૂધ મંડળીનો ગોળ સિક્કો

દૂધ મંડળીનો પટ્ટી સિક્કો

Scanned with CamSc